ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૭/૨૦-૨૧/ 3657 તારીખ : 21 OCT 2020

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી ભીકડીયા રમેશભાઈ બેચરભાઈ,**
મોટીવાડીના કોર્નર પર,
કે/ઓ.ડાયમંડ મેડીકલ સ્ટોર્સ,
મું. બોટાદ,
જી.બોટાદ.
**મો.નં. ૯૮૭૯૬ ૪૬૫૮૮**

કેસ નં.૧૭/૨૦-૨૧

**વિષય : કોઈ રકમ બાકી ન હોવા છતાં, મીટર/સર્વિસ ઉતારી લેવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૬/૭/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૭/૭/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૭/૨૦-૨૧/૨૫૦૫ તા.૧૮/૭/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૭/૨૦-૨૧/૩૪૨૦ તા.૩/૧૦/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૩/૧૦/૨૦૨૦** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:- ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **બોટાદ.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **બોટાદ.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, શહેર પેટા વિભાગીય કચેરી-૨, **બોટાદ.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૭/૨૦–૨૧** ☜

વાદી :– શ્રી ભીકડીયા રમેશભાઈ બેચરભાઈ

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખઃ– ૧૩/૧૦/૨૦૨૦** ◈

હાજર રહયા :– શ્રી ભીકડીયા રમેશભાઈ બેચરભાઈ – ( વાદી પોતે )

પ્રતિવાદી :– શ્રી એસ.આર.રાંકજા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, **બોટાદ.**
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી ભીકડીયા રમેશભાઈ બેચરભાઈ, મુ.બોટાદ, જી.બોટાદ ની કોઈ રકમ બાકી ન હોવા છતાં, મીટર/સર્વિસ ઉતારી લેવા બાબત ની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૭/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, બોટાદ ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૭/૨૦–૨૧/૨૫૦૫ તા.૧૮/૭/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૩/૧૦/૨૦૨૦** નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી ભીકડીયા રમેશભાઈ બેચરભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.આર.રાંકજા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો રમેશભાઈ બેચરભાઈ ભીકડીયા ના નામનું ગ્રાહક નં–૮૫૮૦૨/૦૮૪૧૫/૪ વાળા વિજ જોડાણ નું નિયમીત રીતે બિલ ભરપાઈ કરેલ હોય, કોઈ બાકી રકમની નોટીસ પણ આપેલ નથી. અને અમારૂ જોડાણ ફકત નગરપાલિકા ના અધિકારી દ્વારા ઉતારી લેવા જાણ કરતા, પીજીવીસીએલ દ્વારા ઉતારી લેવામાં આવેલ છે. પાવર સપ્લાય કોડ ના નિયમોનું ઉલ્લંઘન કરેલ છે. એકતરફી કાર્યવાહી કરી અમારા ધંધાને નુકશાન જાય તેવી કોર્ટ ના હુકમ વગર કાર્યવાહી કરવામાં આવેલ છે. જે અન્યાય પૂર્ણ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૧.૨ ગ્રાહકની સેવામાં બેજવાબદારી પૂર્ણ કાર્યવાહી કરી અધિકારી દ્વારા ખોટી રીત ઉભી કરેલ છે. આ રીતે ગ્રાહકના વિજ જોડાણ ઉતારી લેવા અંગે મેં અનેક જગ્યા એ રજૂઆત કરેલ. પરંતુ, આજ સુધી ન્યાય મળેલ નથી કે અધિકારી દ્વારા વિજ જોડાણ ચાલુ કરવા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. મને જાણ માં આવતા, આ અરજી આપની ફોરમના ન્યાય માટે મોકલી આપુ છું. અપેક્ષા છે કે, આપ દ્વારા ન્યાય પૂર્ણ કાર્યવાહી કરી જોડાણ શરૂ કરાવી આપશો.

☛ <u>**પ્રતિવાદીશ્રીની રજૂઆતઃ- તેમની રજૂઆત છે કે,**</u>

૨.૧ અરજદાર શ્રી બોટાદ શહેર – ૨ પેટા વિભાગીય કચેરી હેઠળ આવેલ મોટીવાડી કોર્નર પાસે રમેશભાઈ બેચરભાઈ ભીકડીયા ગ્રાહક નં- ૮૫૮૦૨/૦૮૪૧૫/૪ થી ૧.૦ કિ.વો.નું કોમર્શિયલ વિજ જોડાણ તા.૨/૪/૨૦૦૯ થી ધરાવે છે.

૨.૨ આ સ્થળે, ગ્રાહક દ્વારા પીજીવીસીએલ કંપની ના હયાત એલ.ટી. ના વિજ પોલ નજીક બિન અધિકૃત બાંધકામ કરેલ. જે બાંધકામ દૂર કરવા /હટાવી લેવાં સદર ગ્રાહકને બોટાદ શહેર –૨ પે.વિ. કચેરી દ્વારા પત્ર નં– BTSD-2/TECH/23704 dtd.26.07.2019 થી નોટીસ આપવામાં આવેલ અને જેની નકલ નગરપાલિકા–બોટાદ સહિત અન્ય લાગુ પડતી કચેરીઆને મોકલવામાં આવેલ.

૨.૩ જે અન્વયે, નગરપાલિકા–બોટાદ દ્વારા પત્ર નં–બોનપા/ટીપી/બિનઅધિકૃત બાંધકામ/૧૪૪૯ તા.૨૦/૮/૨૦૧૯ થી જણાવેલ કે, જયાં સુધી સદર બાંધકામને વિકાસ પરવાનગી આપી રેગ્યુલરાઈઝ કરવામાં ન આવે ત્યાં સુધી સદર કસુરવાર નું વિજ જોડાણ દૂર કરવા જણવવામાં આવેલ. જેની જાણ ગ્રાહકને બોટાદ શહેર–૨ પે.વિ.કચેરી દ્વારા પત્ર નં–બીટીએસડી–૨/ટેક/૨૪૪૪૭ તા.૧૮/૯/૨૦૧૯ થી કરવામાં આવેલ અને દિન–૩ માં સદર બાંધકામ કર્યાની એન.ઓ.સી.રજૂ કરવા અને આમ કરવામાં નહી આવે તો જીઈઆરસી ના સપ્લાય કોડ–૮.૩.૨ મુજબ વિજ જોડાણ દૂર કરવામાં આવશે તેવું જણાવવામાં આવેલ.

૨.૪ ત્યારબાદ, ગ્રાહક દ્વારા બોટાદ શહેર–૨ પે.વિ.કચેરી ખાતે લેખિત અરજી ઈન્વર્ડ નં–૧૧૯૩ તા.૯/૧૦/૨૦૧૯ થી આપી સદર વિજ જોડાણ પુનઃજોડાણ કરી આપવા જણાવેલ અને ત્રણ માસમાં નગરપાલીકા વતી બાંધકામ અંગેની એન.ઓ.સી મેળવી રજૂ કરશે તેવી બાંહેધરી આપેલ. ત્યારબાદ,અરજદારશ્રી એ નામ.ગુજરાત હાઈકોર્ટ માં સ્પે. સિવીલ એપ્લીકેશન નં–૧૮૭૮૦/૨૦૧૯ થી બોટાદ નગરપાલીકા અને પીજીવીસીએલ વિરૂધ્ધ પીટીશન કરેલ અને તે નોટીસ બોટાદ શહેર– ૨ પે.વિ.કચેરી ખાતે લેખિત અરજી ઈન્વર્ડ –૧૨૪૩ તા.૨૪/૧૦/૨૦૧૯ ના રોજ મળેલ.

Redressal Forum

૨.૫ જે ગ્રાહકની રજૂઆત મુજબ વિજ કનેકશન ફરી ચાલુ કરવા બાબત નો કાનૂની અભિપ્રાય આપવા પેનલ એડવોકેટ શ્રી અમીર એસ ખેરાણી ને જણાવેલ જે અન્વયે, પેનલ એડવોકેટ દ્વારા તા.૨૫/૧૦/૨૦૧૯ થી સદર બાબતે કાનૂની અભિપ્રાય આપેલ છે. કે હાલમાં મેટર નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ પેન્ડીગ છે.એટલે કે, સબજયુડીશ્યલ છે. આ સંજોગોમાં વિજ જોડાણ પુનઃ જોડાણ કરવામાં આવે તો આપનું કાર્ય ગેરકાયદેસર ઠરેલ અને બોટાદ નગરપાલીકા ના તા.૧૭/૧૦/૨૦૧૯ ના હુકમનો ભંગ કરી શકાય નહી.તેથી હાલ અરજદારશ્રી ને પુનઃ વિજ જોડાણ આપી શકાય નહી.

આમ, ઉપરોકત કારણોસર હાલ વિજ જોડાણ પુનઃજોડાણ કરેલ નથી.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી રમેશભાઈ બેચરભાઈ ભીકડીયા, ગામ–બોટાદ માં ગ્રાહક નં–૮૫૮૦૨/૦૮૪૧૫/૪ થી કોમર્શિયલ વિજ જોડાણ તા.૨/૪/૨૦૧૯ થી ધરાવે છે.

૩.૨ પ્રતિવાદી દ્વારા બોટાદ નગરપાલિકા ના હુકમ મુજબ બિનઅધિકૃત બાંધકામમ માંથી વિજ પુરવપઠો કાપવા માટે હુકમ થતા પ્રતિવાદી એ વાદીનું સીગલ ફેઈઝ કોમર્શિયલ વિજ જોડાણ નો વિજ પુરવઠો કાપેલ.

૩.૩ ત્યારબાદ, વાદી એ ગુજરાત હાઈકોર્ટમાં સીવીલ એપ્લીકેશન નં–૧૮૭૮૦/૨૦૧૯ થી પીટીશન દાખલ કરેલ. જેમાં નગરપાલિકા, બોટાદ ના ચીફ ઓફીસર તેમજ પીજીવીસીએલ(પ્રતિવાદી) ને પ્રતિવાદી પક્ષકાર બનાવેલ છે.

૩.૪ તા.નં–૩.૩ મુજબ વાદીની બાબત નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ પડતર હોઈ સબ જયુડીશ્યલ મેટર હોવાથી GERC ના નોટીફીકેશન નં–૨/૧૯ ના કલોઝ નં–૨.૩૩ (I) મુજબ વાદી ફોરમને સંપર્ક કરવા હકકદાર રહેતો નથી. આમ, ફોરમે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

<u>–:: હુકમ ::–</u>

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| (શ્રીમતી જે.એમ.મેહતા)<br>સ્વતંત્ર સભ્યશ્રી | ગેરહાજર<br>(પી. એન. અજાકીયા)<br>ટેકનીકલ સભ્યશ્રી | (એમ. આર.વજરીયા)<br>અધ્યક્ષશ્રી,<br>ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ<br>પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર. |
|---|---|---|

તારીખ :– <u>૧૩/૧૦/૨૦૨૦.</u>